## બિન શૈક્ષણિક સંવર્ગ માટેનો અભ્યાસક્રમ

## જુનિયર કારકુન

પરીક્ષા પધ્ધતિ :

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય ગાંધીનગરના તારીખ:૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના પરિપત્ર અનુસાર ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ મુજબ પરીક્ષા બે તબક્કામાં MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.પરીક્ષા ભાગ-૧ અને ભાગ - ૨ એમ બે ભાગમાં લેવામાં આવશે. જેનું માળખું આ મુજબ રહેશે.

**જુનિયર કારકુન - સામાન્ય પ્રાથમિક પરીક્ષા માટેની યોજના ગુણ: ૧૫૦ સમય : ૨ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૫ ગુણ |
| ૨ | English (અંગ્રેજી) | ૧૫ ગુણ |
| 3 | General Awareness and Current Affairs (સામાન્ય જ્ઞાન તથા વર્તમાન બાબતો) | 30 ગુણ |
| ૪ | Quantitative aptitude ( સાંખ્યિક/માત્રાત્મક વલણ) | 30 ગુણ |
| ૫ | Reasoning (તર્ક) | ૬૦ ગુણ |
| | કુલ ગુણ | ૧૫૦ ગુણ |

૧) હેતુલક્ષી પ્રશ્નોમાં બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQ) પૂછવામાં આવશે.

૨) દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે.

3) અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

૪) ઉમેદવારે બધા પ્રશ્ન ઉકેલવા પ્રયાસ કરવો.

૫) ખોટા જવાબ માટે નકારાત્મક ગુણ ૦.૨૫ નો રહેશે.

૬) દરેક પ્રશ્નમાં એક વિકલ્પ 'Not Attempted' નો રહેશે. જો ઉમેદવાર જવાબ આપવા ન માંગતા હોય તો તે આ વિકલ્પની પસંદગી કરી શકે છે અને જો આ વિકલ્પ પસંદ કરશે તો નકારાત્મક ગુણ લાગુ પડશે નહીં.

૭) અપંગતા ધરાવતા ઉમેદવારને ૧ કલાક પર ૨૦ મિનિટનો વધારાનો સમય મળી શકે છે.

૮) જો ઉમેદવારે એકપણ વિકલ્પની પસંદગી ન કરી હોય તો ૦.૨૫ પ્રશ્નદીઠ નકારાત્મક ગુણ લાગુ પડશે.

જુનિયર કારકુન સામાન્ય પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થનાર પ્રથમ ક્રમના ૭ ઉમેદવારને જગ્યા અને કેટેગરી દીઠ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનાં નિયમોને આધીન ૧:૭ નાં પ્રમાણમાં ભાગ-૨ ની MCQ બેઝ મુખ્ય કસોટીમાં બોલાવવામાં આવશે.

જુનિયર કારકુન - મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ ગુણ : ૨૦૦ સમય: ૨ કલાક

| | | |
|---|---|---|
| ૧ | Indian State System and Constitution (ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ) | ૨૦ ગુણ |
| ૨ | Indian Economy, State Economy, NITI Aayog (ભારતીય અર્થતંત્ર, રાજ્ય અર્થતંત્ર,નીતિ આયોગ) | ૨૦ ગુણ |
| 3 | Public Administration and Governance (જાહેર વહીવટ અને શાસન) | ૨૦ ગુણ |
| ૪ | Discipline and Ethics in Public Service(જાહેર સેવામાં શિસ્ત અને નીતિશાસ્ત્ર) | ૧૦ ગુણ |
| ૫ | Information on various government Schemes (વિવિધ સરકારી યોજનાઓની માહિતી) | ૩૦ ગુણ |
| ૬ | Regional, National and International Important Events including Current Affairs(વર્તમાન બાબતો સહીત પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ) | ૩૦ ગુણ |
| ૭ | History and Geography of Gujarat (ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ) | ૨૦ ગુણ |
| ૮ | Cultural Heritage of Gujarat (Art and Literature) (ગુજરાતનોસાંસ્કૃતિક વારસો (કલા અને સાહિત્ય)) | ૧૦ ગુણ |
| ૯ | Gujarati And English (ગુજરાતી અને અંગ્રેજી) | ૨૦ ગુણ |
| ૧૦ | Science, Environment and Information Technology (વિજ્ઞાન, પર્યાવરણ અને માહિતી ટેકનોલોજી) | ૨૦ ગુણ |
| | કુલ ગુણ | ૨૦૦ ગુણ |

૧) હેતુલક્ષી પ્રશ્નોમાં બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQ) પૂછવામાં આવશે.
૨) દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે.
3) અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
૪) ઉમેદવારે બધા પ્રશ્ન ઉકેલવા પ્રયાસ કરવો.
૫) ખોટા જવાબ માટે નકારત્મક ગુણ ૦.૨૫ નો રહેશે.

વનસેવા મહાવિદ્યાલય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. કોલેજ કોડ નં. ૬૩ જિ. વલસાડ.

૬) દરેક પ્રશ્નમાં એક વિકલ્પ 'Not Attempted' નો રહેશે. જો ઉમેદવાર જવાબ આપવા ન માંગતા હોય તો તે આ વિકલ્પની પસંદગી કરી શકે છે અને જો આ વિકલ્પ પસંદ કરશે તો નકારાત્મક ગુણ લાગુ પડશે નહીં.

૭) અપંગતા ધરાવતા ઉમેદવારને ૧ કલાક પર ૨૦ મિનિટનો વધારાનો સમય મળી શકે છે.

૮) જો ઉમેદવારે એકપણ વિકલ્પની પસંદગી ન કરી હોય તો ૦.૨૫ પ્રશ્નદીઠ નકારાત્મક ગુણ લાગુ પડશે.

**લઘુત્તમ લાયકી ધોરણ:-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યકે તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી.

**પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાના આધારે આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) આ જાહેરાતમાં અલગ-અલગ સંવર્ગોની સંયુક્ત જાહેરાત આપવામાં આવેલ હોવાથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/ ૩૯૧૦/ગ-૨ ની જોગવાઇઓ અનુસાર પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ) બનાવવામાં આવશે નહી.

**પરીક્ષાનું આયોજન:**

પરીક્ષાનું કેન્દ્ર અગાઉથી જાહેર કરવામાં આવશે. જેનું કાર્યક્ષેત્ર વલસાડ જીલ્લા/સંલગ્ન યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર રહેશે.જે આપને બંધનકર્તા રહેશે.